# હોળી બાદ દિલ્હીમાં પ્રચાર માટે ભાજપ સુસજ્જ

## દિલ્હી ભાજપ ઓફિસમાં થયેલી બેઠકમાં જનસભાઓના આયોજનને લઇને નીતિ તૈયાર : ટોપ નેતાઓને આમંત્રણ

દિલ્હીમાં લોકસભા ચૂંટણી છઠ્ઠા તબક્કામાં યોજાશે પરંતુ ભાજપે હોળી બાદથી ચૂંટણી માહોલ બનાવવાની તૈયારી કરી દીધી છે. ભાજપ હોળી બાદ ૨૪ અને ૨૯મી માર્ચના દિવસે દિલ્હીની સાત લોકસભા બેઠકમાં જનસભાનું આયોજન કરવાની તૈયારીમાં છે. દિલ્હીમાં ભાજપ ઓફિસ પર થયેલી બેઠકમાં જનસભાઓને લઇને તૈયારીઓ ઉપર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ મનોજ તિવારી અને સંગઠન મહામંત્રી સિદ્ધાર્થન ઉપરાંત લોકસભા ચૂંટણીના સ્વપ્રભારી જયભાન અને ત્રણેય મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સાતેય લોકસભા બેઠકના પ્રભારી અને સ્વપ્રભારી, વિસ્તારક અને તમામ જિલ્લાઅધ્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે, હાલમાં ખુબ મોટી રેલીઓ કરવાના બદલે નાની નાની જનસભાઓ યોજવામાં આવશે. સંયોજકની ભૂમિકા અદા કરી રહેલા પ્રદેશના મહામંત્રી રાજેશ ભાટિયાએ કહ્યું હતું કે, ૨૪મી માર્ચના દિવસે ત્રણ અને ૨૯મી માર્ચના દિવસે ચાર લોકસભા સીટોમાં જનસભાનું આયોજન કરવામાં આવનાર છે. હાલમાં આને લઇને સમય નક્કી કરવામાં આવ્યો નથી પરંતુ એક એક બાબત નક્કી થઇ ગઇ છે કે, ક્યા લોકસભા ક્ષેત્રમાં ક્યાં જનસભા કરવામાં આવશે ત્યાં પાર્ટીના ક્યા નેતા મુખ્ય વક્તા તરીકે રહેશે તેને લઇને પણ નિર્ણય કરવામાં આવી રહ્યા છે. ભાજપ દ્વારા જે





કાર્યક્રમો નક્કી કરવામાં આવી રહ્યા છે તે મુજબ ૨૪મી માર્ચના દિવસે નોર્થવેસ્ટ ચાંદની ચોક અને સાઉથ દિલ્હીમાં જનસભા કરવામાં આવશે. નોર્થ-વેસ્ટ દિલ્હીના મંગોલપુરીમાં પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી અનિલ જૈન, ચાંદની ચોક લોકસભા બેઠક હેઠળ આવનાર રાનીબાગ વિસ્તારમાં લોકસભા ચૂંટણીના સ્વપ્રભારી જયભાન અને સાઉથ દિલ્હીના ખાનપુર વિસ્તારમાં ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબીત પાત્રા જનસભા કરશે.

૨૯મી માર્ચના દિવસે પક્ષના વરિષ્ઠ નેતા અને દેશના ગૃહમંત્રી રાજનાથસિંહ સંબોધન કરશે. ભાજપ અધ્યક્ષ અને નોર્થ-ઈસ્ટ દિલ્હીના સાંસદ મનોજ તિવારીના સંસદીય મતવિસ્તારમાં જનસભા યોજવામાં આવશે. એજ દિવસે લોકસભા ચૂંટણી માટે દિલ્હીના પ્રભારી અને દેશના સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામન નવી દિલ્હી સંસદીય ક્ષેત્ર હેઠળ આવનાર કરોલબાગ વિસ્તારમાં આવનાર અજમલખાન પાર્કમાં આયોજિત જનસભાને સંબોધિત કરશે. આ ઉપરાંત ચાંદની ચોકના સાંસદ અને કેન્દ્રિય મંત્રી હર્ષવર્ધન ઈસ્ટ દિલ્હીના વિકાસ માર્ગ ઉપર જનસભાને સંબોધશે. હાલમાં નવી દિલ્હી સીટથી ભાજપના સાંસદ અને પાર્ટીના પ્રવક્તા મિનાક્ષી લેખી દિલ્હી સંસદીય ક્ષેત્રના ઉત્તમનગર વિસ્તારમાં જનસભાને સંબોધશે. લોકસભા ચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસે પોતપોતાની આક્રમક રણનીતિ તૈયાર કરી લીધી છે. સોશિયલ મિડિયા ઉપર પણ જોરદાર સ્પર્ધા રહી શકે છે. યુવા મતદારોની સંખ્યામાં વધારો થયા બાદ આગામી દિવસોમાં યુવા મતદારોની ભૂમિકા નિર્ણાયક રહી શકે છે.

# અડવાણી ચૂંટણી લડશે કે કેમ તેને લઈને પાર્ટી નેતાઓનું મૌન

ભાજપ તરફથી લોકસભા ચૂંટણીને લઈને ઉમેદવારોની પ્રથમ યાદીને લઈને તૈયારી કરવામાં આવી રહી છે ત્યારે પાર્ટીના ભીષ્મપિતામાહ ગણાતા લાલકૃષ્ણ અડવાણીને લઈને કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ગુજરાતની ગાંધીનગર સીટ પરથી ચૂંટણી હંમેશા લડતા રહેલા અડવાણીને લઈને સ્થિતિ સ્પષ્ટ નથી. દેશના ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન રહી ચુકેલા ૯૧ વર્ષીય લાલકૃષ્ણ અડવાણી સતત છ વખત ગાંધીનગર લોકસભા સીટ પરથી જીતી ચુક્યા છે. ૧૯૮૦ના દશકના અંતિમ વર્ષોમાં અને ૧૯૯૦માં ભાજપને દેશભરમાં મજબૂત કરવામાં અને રામમંદિર આંદોલનના પ્રમુખ રહી ચુકેલા લાલકૃષ્ણ અડવાણીને ભાજપના વિસ્તાર માટેની ક્રેડિટ આપી શકાય છે. ૧૯૮૪માં ભાજપને બે સીટોથી ૧૮૦ સીટો સુધી પહોંચાડનાર લાલકૃષ્ણ અડવાણી હવે રાજનીતિના કેન્દ્રમાં નથી. ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉમેદવારીનો વિરોધ કરવામાં આવ્યા બાદથી તેઓ પાર્ટીમાં ખુબ પાછળ રહી ગયા છે. વધતી જતી વયના પરિણામ સ્વરુપે અડવાણીના ચૂંટણીમાં ઉતારવાને લઈને પ્રશ્ન કરવામાં આવતા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા મળી ચુકી નથી. બીજી બાજુ પાર્ટીના સુત્રોનું કહેવું છે કે, ચૂંટણી મેદાનમાં ઉમેદવારોને ઉતારવા માટે કોઈ વય માપદંડ નથી. ઉમેદવારની જીતવાની ક્ષમતા ઉપર આ તમામ બાબતો આધારિત છે. લોકસભા ચૂંટણી માટે ઉમેદવારને લઈને અડવાણીની વાત થઈ છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમના સચિવે કહ્યું હતું કે, પાર્ટી તરફથી હજુ સુધી તેમનો કોઈ સંપર્ક કરવામાં આવ્યો નથી. અડવાણીને પણ હજુ સુધી કોઈ વાત કરી નથી. ગુજરાત ભાજપના કેટલાક નેતાઓનું કહેવું છે કે, અડવાણી પોતે વધતી જતી વયના કારણે ચૂંટણી લડવાનો ઈન્કાર કરી શકે છે. અડવાણીએ ગાંધીનગર સીટ પરથી ચૂંટણી લડવાને લઈને કોઈ દાવો કર્યો નથી. જાણકાર લોકોનું કહેવું છે કે, આ વખતે અમિત શાહ અને આનંદીબેન



પટેલના નામ ઉપર ચર્ચા ચાલી રહી છે. જો કે, આને લઈને પણ કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. લોકસભા ચૂંટણીને લઈને ઉમેદવારોની યાદી ટૂંક સમયમાં જ હવે જાહેર કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે. દિલ્હીમાં છઠ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થશે. સૌથી વધારે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળમાં સાતમાં રાઉન્ડમાં મતદાન થશે અને તમામ તબક્કામાં અહીં મતદાન થનાર છે. ૨૨ રાજ્યોમાં એક તબક્કામાં મતદાન થશે. તમામ મતદાન મથકો ઉપર વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ગોધરાકાંડ કેસમાં યાકુબ પાતળીયાને જન્મટીપની સજા

ગુજરાત સહિત દેશભરમાં ભારે ખળભળાટ મચાવનારા ગોધરા રેલ્વે સ્ટેશન પર સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ લગાડી ૫૯ કારસેવકોને જીવતા ભુંજી નાંખવાના જઘન્ય હત્યાકાંડમાં ૬૨ વર્ષીય આરોપી યાકુબ પાતળીયાને સીટની સ્પેશ્યલ કોર્ટે આજીવન કેદની આકરી સજા ફટકારતો મહત્વનો ચુકાદો જાહેર કર્યો હતો. સાબરમતી જેલમાં સ્પેશ્યલ કોર્ટે આ મહત્વનો ચુકાદો સંભળાવ્યો હતો. સીટની સ્પેશ્યલ કોર્ટે આરોપી યાકુબ પાતળીયાને ગોધરાકાંડનું કાવતરૂ ઘડવામાં અને ગુનામાં સક્રિય ભૂમિકા બદલ જન્મટીપની સજા ફટકારી હતી. સીટની સ્પેશ્યલ કોર્ટના સ્પેશ્યલ જજ એચ.સી.વોરાએ પોતાના ચુકાદામાં મહત્વપૂર્ણ નીરીક્ષણ પણ કર્યા હતા અને આરોપીના ગુનાહિત કૃત્યને અતિ ગંભીર ગણાવી તેને જન્મટીપની આકરી સજા ફટકારી હતી. ગત તા.૨૭-૨-૨૦૦૨ના રોજ સાબરમતી એકસપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ લગાડવાના અને ૫૯ કારસેવકોને જીવતા ભુંજી નાંખવાના જઘન્ય હત્યાકાંડ બાદ આરોપી યાકુબ પાતળિયા નાસતો ફરતો હતો. જો કે, ગયા વર્ષે ૨૦૧૮માં યાકુબ પાતળિયા ગોધરાના વચલા ઓઢા વિસ્તારમાંથી પોલીસના હાથે આબાદ ઝડપાઈ ગયો હતો. જેથી સીટ દ્વારા યાકુબ પાતળિયા વિરૂધ્ધ પૂરવણી ચાર્જશીટ દાખલ કરાયું હતુ અને તેની વિરૂધ્ધનો ટ્રાયલ ચાલી ગયો હતો. જેમાં સરકાર તરફથી સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર એન.એન. પ્રજાપતિએ મહત્વની દલીલો કરતાં જણાવ્યું હતું કે, આરોપી પાતળીયા એક અતિ ગંભીર અને જઘન્ય હત્યાકાંડમાં સક્રિય રીતે સંડોવાયેલો છે અને તેની વિરૂધ્ધ નકક્કર-મજબૂત પુરાવાઓ પણ તપાસનીશ એજન્સી પાસે છે. આ કેસના આરોપીઓ તા.૨૬-૨-૨૦૦૨ના રોજ ગોધરામાં કાળાભાઈ પેટ્રોલપંપ ખાતેથી સેંકડો લિટર પેટ્રોલ કેરબામાં ભરી ભરીને આરોપી રજાક કુરકુરના અમન ગેસ્ટાહાઉસની પાછળના ઘરમાં લાવ્યા હતા અને તે કાવતરાના ભાગરૂપે છુપાવી રાખ્યા હતા. તા.૨૭મીએ ગોધરા રેલ્વે સ્ટેશન પાસે ટ્રેન આવી ત્યારે વહેલી સવારે ૭-૪૨ મિનિટે ચેઈન પુલીંગ બાદ ટ્રેન ઉભી રહી ત્યારે આરોપી અને તેમની ટોળકીના અન્ય સભ્યોએ પથ્થરમારો શરૂ કર્યો હતો અને કારસેવકોને ટારગેટ કર્યા હતા. બીજીબાજુ, તેમના કોરગ્રુપના માણસો ટેક્સીમાં પેટ્રોલના અગાઉથી છુપાવી રાખેલા કેરબા લાવ્યા અને એસ-૬ કોચને તોડફોડ કરી પેટ્રોલ છાંટી આગ લગાડી દીધી હતી. જેમાં ૧૨૦ લિટર પેટ્રોલનો ઉપયોગ કરાયો હોવાનું તપાસમાં ખુલ્યું હતું. આ જઘન્ય હત્યાકાંડમાં ૨૯ પુરૂષ, ૨૨ મહિલા અને આઠ બાળકો મળી કુલ ૫૯ કારસેવકો જીવતા ભુંજી નાંખવામાં આવ્યા હતા.

# મને ચૂંટણી લડતો રોકવાના સરકાર અને તંત્રના પ્રયાસો : હાર્દિક

અમદાવાદ,તા. ૨૦

હાર્દિક પટેલ આજે સતત બીજા દિવસ જામનગર જિલ્લાની મુલાકાતે છે. રાજકીય અને સામાજિક આગેવાનો સાથે બેઠક કરી આગામી લોકસભાની ચૂંટણી અંગે વિચાર-વિમર્શ કરી રહ્યો છે. ત્યારે જામનગરમાં સરકાર અને તંત્ર પર બહુ ગંભીર આરોપ લગાવતાં હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, સરકારી વકીલ કોર્ટમાં તારીખો અને ખોટા પૂરાવા રજૂ કરી સરકાર, પ્રશાસન સહિત બધા ભેગા મળીને હું ચૂંટણી ના લડી શકું તેના પ્રયાસો કરી રહ્યા છે. મે મારી ઈચ્છા વ્યક્ત કરી હતી.

જામનગર માટે અને પાર્ટીએ તેના પર સહમતિ પણ આપી છે. જામનગર મારી ઈચ્છા હતી કારણ કે આ વિસ્તારને હું સમજુ છું તેને લઈને જામનગરને મેં મારી પ્રાયોરિટી આપી છે. છતાં પાર્ટી નવું કંઈ આપશે તે પ્રમાણે કરીશ. જામનગર બેઠકની પસંદગી કેમ તેવા સવાલમાં હાર્દિકે જણાવ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લો અને જામનગર જિલ્લામાં સૌથી મોટી કંપનીઓ આવેલી છે તેમ છતાં અહીંના યુવાનો બેરોજગાર કેમ છે, ખેડૂતો ગરીબ કેમ છે. તેમજ ખારા પાણીને મીઠા કરવાનો પ્લાન્ટ બનનાર હોય તેમ છતાં દ્વારકામાં પાણીની સમસ્યા યથાવત છે. વિવિધ પ્રશ્નો જામનગર જિલ્લામાં છે. ૨૫ વર્ષનો યુવાન છું, તમે બધા વાતો કરતા હો છો કે યુવાનોએ રાજકારણમાં આવવું જોઈએ તેથી રાજનીતિમાં આવ્યો છું. જામનગર જિલ્લામાં મારા ચાર મુદ્દા છે જેમાં પહેલો મુદ્દો સારૂ શિક્ષણ અને સસ્તુ શિક્ષણ, બીજો મુદ્દો છે શિક્ષણ પૂરૂ થાય તેવા યુવાનોને રોજગારી, ત્રીજો મુદ્દો ખેડૂતોની આત્મહત્યા રોકવી અને ચોથો મુદ્દો જીતીને આવો તો વધુને વધુ સમય પોતાના વિસ્તારને આપવો. ચૂંટણીપંચે ચૂંટણી લડવાની મંજૂરી આપવી જોઈએ. ભાજપમાં પાંચ પાંચ વર્ષની સજાવાળા નેતા છે. બાબુભાઈ બોખરીયા પર ત્રણ વર્ષની સજા છે છતાંય તે લોકો ચૂંટણી લડી શકે પરંતુ લોકો માટે કામ કરવાવાળા નિર્દોષ લોકો જે ચૂંટણી લડવા માગતા હોય તેને કાનૂની રીતે ગુચવણમાં રાખી ખોટી રીતે ફસાવવામાં આવે છે. હાર્દિક સાચુ બોલે છે એટલે તેઓને ન ગમતું હોય અને પ્રધાનમંત્રી જુઠ્ઠુ બોલે છે છતાં તે ગમે છે. વિરોધ કરવાનો બધાનો અધિકાર છે જો હું વિરોધ કરતા રોકીશ તો મારામાં અને મોદીમાં ફેર શું? મારે બધા માટે કામ કરવું છે. હાર્દિકે નિવેદનમાં બચાવનો પ્રયાસ કર્યો હતો.

# ઓસિયા હાયપરનો IPO ૨૬મી માર્ચના દિને ખુલશે

અમદાવાદ, તા.૨૦

રિટેઈલ સેકટરમાં વધતા જતાં ગ્રોથ રેટ અને વિકાસની ક્ષિતિજો જોતાં ભારતમાં રિટેઈકલ માર્કેટ આગામી ૨૦૨૦ સુધીમાં ૬૦ટકા સુધી વધી જશે અને તે ૧.૧ ટ્રિલીયન ડોલરને આંબી જશે. ગુજરાતમાં પણ આ સેકટરમાં સ્પર્ધાત્મકતા વધી છે ત્યારે વસ્ત્રો, એસેસરીઝ, એફએમસીજી, હસ્તકલા અને હાથવણાંટની ચીજો, સૌંદર્ય પ્રસાધનો અને પર્સનલ કેર પ્રોડક્ટસ અને રસોડાની આવશ્યક ચીજો ઉપરાંત ગૃહ સુશોભનની ચીજો એક જ સ્થળે ઉપલબ્ધ બનાવતી ઓસીયા હાયપર માર્કેટ રિટેઈલ લિમિટેડનો એસએમઇ-આઈપીઓ તા.૨૬મી માર્ચે ખુલી રહ્યો છે. જે તા.૨૮મી માર્ચે બંધ થશે. જો કે, ખૂબ ટૂંકાગાળામાં નોંધનીય અને મહત્વની સફળતા અને સિધ્ધિ બાદ હવે ઓસીયા હાયપર રિટેઈલ લિ.એ ગુજરાતમાં નાના શહેરો અને કેન્દ્રોમાં તેના અદ્યતન સ્ટોર્સ ઉભા કરવાનું આયોજન હાથ ધર્યું છે. હાલ, તેના ૧૧ સ્ટોર્સ રાજયભરમાં ફેલાયેલા છે એમ અત્રે ઓસીયા હાયપર રિટેઈલ લિ.ના એમડી ધીરેન્દ્ર ચોપરાએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં પોતાની હાજરી મજબૂત કરવાનો ઉદ્દેશ ધરાવતી ઓસીયા હાયપર રિટેઈલ લિમિટેડ કે જે પોતાની હાયપરમાર્કેટ બ્રાન્ડ- ઓસીયા હાયપર માર્કેટ રિટેઈલ લિમિટેડ દ્વારા ઓર્ગેનાઈઝ્ડ રિટેઈલ ક્ષેત્રે સંકળાયેલી કંપની છે, કંપની તેની પ્રથમ ઈનિશ્યલ પબ્લિક ઓફરીંગ (આઈપીઓ) લાવવા માટે સજ્જ બની છે. કંપની આ આઈપીઓ મારફતે રૂ.૧૦નો એક એવા ૧૫,૭૮,૪૦૦ ઈક્વિટી શેર રૂ.૨૫૨ની ફીક્સ કિંમતે ઓફર કરી રહી છે. આ આઈપીઓનું નેશનલ સ્ટોક એકસચેન્જ (એનએસઈ)ના ઈમર્જ પ્લેટફોર્મ પર લીસ્ટીંગ કરાશે. આ ભરણું તા.૨૬ માર્ચ, ૨૦૧૯ના રોજ ખુલશે અને તા.૨૮ માર્ચ, ૨૦૧૯ના રોજ બંધ થશે. કંપનીએ ઓછામાં ઓછા ૪૦૦ શેરનો લોટ રાખવાનું નક્કી કર્યું છે. હાઈ નેટવર્થ ધરાવતા વ્યક્તિઓ માટે બીડ લોટ રૂ. ૮૦૦ અને તે પછી રૂ.૪૦૦ના ગુણાંકમાં રહેશે. આ ભરણાં મારફતે કંપની ૨૬.૫૨ ટકા પેઈડ-અપ શેર કેપિટલ ધરાવશે. ઓસીયા હાયપર રિટેઈલ લિમિટેડ એ છ વર્ષ જૂની કંપની છે અને તેનું વડુ મથક અમદાવાદ ખાતે આવેલું છે. કંપની પોતાના પ્રથમ જાહેર ભરણાં મારફતે કાર્યકારી મૂડીની જરૂરિયાત પૂર્ણ કરવા ઉપરાંત તેના સ્ટોર્સનું નેટવર્ક ગુજરાતના વર્ગ-૩ અને વર્ગ-૪ના શહેરોમાં વિકસાવવા માંગે છે.

# પાલનપુરમાં લોકગાયિકાની પજવણી કરાતી હોવાની રાવ

### માથાભારે તત્વો ઝઘડા કરી માથાકુટ કરતા હોવાની રાવ સાથે આવેદનપત્ર

પાલનપુરમાં રહેતી ગાયક કલાકાર એક યુવતીની કેટલાક માથાભારે તત્વો દ્વારા પજવણી કરવામા આવતી હોવાની રાવ સાથે આ યુવતી દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને ન્યાયની ગુહાર લગાવવામાં આવી છે.

પાલનપુરના રેલવે પચાસ ક્વાટર પાસે રહેતી રીનાબેન ઠાકોર નામની યુવતી ગાયક કલાકાર છે. તેની માતા બિમાર હોઈ તે પોતે કાર્યક્રમોમાં ગાયક કલાકાર તરીકે કામ કરે છે. ત્યારે ચાર જેટલા વ્યક્તિઓ આ યુવતીના સંગીતના કાર્યક્રમોમાં યેનકેન પ્રકારે તેની સાથે ઝઘડો કરી ધાધંલ ધમાલ મચાવી અપમાન કરી હેરાન કરતા હોઈ આ બાબતે યુવતી દ્વારા વારંવાર આ મામલે સ્થાનિક પોલીસને રજુઆત કરવા મા આવી હતી. પરંતુ આ ઈસમો માથાભારે તેમજ વગ ધરાવતા હોઈ તેમની સામે કોઈ પગલા ન લેવાતા તેમજ આ માથાભારે તત્વો દ્વારા તેના ઉપર હુમલો કરવાનો ભય હોઈ તેને પોલીસ રક્ષણ પુરૂ પાડવા અને ન્યાય અપાવવા ની માંગ સાથે નિવાસી કલેકટર બાભણીયાને આવેદનપત્ર પાઠવવામા આવ્યુ હતુ.

## બનાસકાંઠા જિલ્લામાં પણ પબજી ગેમ પર પ્રતિબંધ

બનાસકાંઠા જિલ્લામાં પણ જિલ્લા કલેકટરે જાહેરનામું બહાર પાડીને પબજી ગેમ પર પ્રતિબંધ મૂક્યો છે. બાળકો અને યુવાનોમાં વધતા હિંસક કૃતિના પ્રમાણને લઇ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. ગુજરાતભરમાં પબ્જી અને મોમો જેવી ગેમને લીધે અભ્યાસ કરતાં બાળકો તેમજ યુવાનોમાં હિંસક વૃત્તિનું પ્રમાણ વધતું જોવા મળ્યું હતું. જેને પગલે રાજ્ય સરકારે જિલ્લા કલેકટરોને આ બાબતે જાહેરનામું બહાર પાડી આ ગેમ પર પ્રતિબંધ મૂકવા માટે સૂચના આપી છે.

# પાલનપુરમાં જુગારધામ પરથી ત્રણ જુગારીયા ઝડપાયા : બે ફરાર

પાલનપુર શહેરના ચામુંડાવાસમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરતા જુગાર રમતા પાંચ ઈસમો પૈકી ૩ જુગારીયાઓ ઝડપાઈ ગયા હતા. જયારે બાકીના બે જુગારીયાઓ પોલીસને હાથતાળી આપી ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.

પાલનપુર શહેરના ચામુંડાવાસમાં બાતમીના આધારે પોલીસએ રેડ કરી હતી. જે રેડમાં કરશનજી પરથીજી ઠાકોર (રહે.ચામુંડાવાસ,ઈદગાહ રોડ,પાલનપુર), કિરણકુમાર અરૂણભાઈ ઠાકોર (રહે.માળીવાસ, દિલ્હીગેટ,પાલનપુર), અશોકભાઈ શંકરજી ઠાકોર (રહે.સંજયચોક, ઠાકોરવાસ, પાલનપુર) વાળાઓને પોલીસે ગંજીપાના જુગાર સાહિત્ય તથા રોકડ રકમ રૂ.૨૯૫૦/- સાથે ઝડપી લીધા હતા.

જ્યારે દશરથજી મફતલાલ ઠાકોર (રહે.ચામુંડાવાસ, ઈદગાહ રોડ, પાલનપુર) તથા દિનેશજી મફતલાલ ઠાકોર (રહે.ચામુંડાવાસ, ઈદગાહ રોડ,પાલનપુર) વાળા ભાગી છૂટતા પોલીસે આ પાંચેય જુગારીયાઓ સામે પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકે જુગારધારા એક્ટની કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## નજર રખાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવાર કે તેના સગા સંબંધીના ખાતામાંથી પણ મોટી રકમના ઉપાડ અંગે તંત્રનું ધ્યાન દોરવાનુ રહેશે.

તેમણે જિલ્લામાં ખર્ચ નિયંત્રણ અંગે પંચે આપેલ સૂચનાઓનું અસરકારક અમલીકરણ માટે આગ્રહ કર્યો હતો. જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ અને સ્ટેટીક સર્વેલન્સની રચાયેલી ટીમો બાબતે પણ તેમણે બેંકર્સને જાણકારી આપી હતી.

## મતદારોના નામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ૫૭૩૫ જેટલી અરજીઓ મતદાર સુધારણા માટેની મળી હતી જેનો પણ સ્વીકાર કરી સુધારણા માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત એક જ વિધાનસભા મતવિસ્તાર હોય પણ રહેઠાણમાં ફેરફાર થયો હોય તો તે માટે ૮(ક) અરજી ફોર્મ ભરીને રજુ કરવાનુ હોય છે. આવી ૧૨૮૮ જેટલી અરજીઓ મળી હતી જેનો પણ તંત્ર દ્વારા સ્વીકાર કરી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હજુ નવા મતદારોની નોંધણીની કામગીરી ચાલુ છે. આ માટે ફોર્મ નં. ૬ ભરીને મતદાર નોંધણી અધિકારી સમક્ષ રજુ કરવાનુ હોય છે. આ કામગીરી હજુ ત્રણથી ચાર દિવસ ચાલશે. આ પછી નવા મતદારોની નોંધણી બંધ થશે.

બિનસત્તાવાર વિગતો પ્રમાણે ૧૫ હજારથી પણ વધુ અરજીઓ નવા નામ દાખલ કરવાની તંત્રને મળી છે અને આ અંગેનો ધસારો હજુ પણ છે જે કદાચ ૨૦ હજારના આંકને પાર કરી જશે તેમ મનાઈ રહ્યુ છે.

## મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

પુસ્તકમાં કાપીને લઈ જઈ શકાય તેવાં ચિત્રો છે કે નહીં, તે જોવા જ પુસ્તક હાથમાં લે છે.એક વખત મને પુસ્તકમાંથી સવાસો રૂપિયા મળેલા. એટલે હું, તે દ્રષ્ટિથી પુસ્તક હાથમાં લઉં છું. વળી સારાં પુસ્તકો વાંચવાની જરૂર નહીં, તે પણ ભુલાવું ન જોઈએ. તેથી જ સાક્ષરો ચોપડી વાંચતા નથી, માત્ર જોઈ જાય છે. એટલે તો સાક્ષર કહે છે,,'' પ્રદ્યુમ્નભાઈનું પુસ્તક હું જોઈ ગયો છું.'' (પ્રદ્યુમ્નભાઈ સારું જ લખે છે, તે વાંચવાની જરૂર નહીં) અને પ્રદ્યુમ્નભાઈ આનંદમાં આવી જાય છે. ફૂલીને ફાળકો થાય છે.

અમે પણ આ પુસ્તક વાંચીને આનંદમાં આવી ગયા છીએ. ઓ...હો..હો અમે આવા વિદ્વાન સાહેબના હાથ તળે કામ કરતાં હતા તે જાણી ફૂલીને ફાળકો થઈ ગયા છીએ. અચરજનો આનંદ સાંગોપાંગ માણી રહ્યા છીએ.

હવે અમે આખેઆખું પુસ્તક વાંચી લીધું છે એટલે બાકીના પ્રકરણોની રસ ભરપુર વાતો આવતા ગુરુવારે કરી શકાશે. ઉપરના વાક્યમાં મેં રસભરપુર શબ્દ એટલા માટે લખ્યો છે એમાં એક આખું પ્રકરણ પૂરણપોળી અંગેનું છે , જે સાહેબની જેમ મારી પણ મનભાવન વાનગી છે.

## ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૩૦૦૦ કરોડ રૂપિયાથી વધુના કૌભાંડના આરોપી નિરવ મોદીના ૧૭૩ પોઈન્ટિંગ અને ૧૧ કારને વેચવાને મંજુરી આપી દીધી છે. આ હરાજી મારફતે સંપત્તિને વેચવામાં આવશે. નિરવે પોતાના મામા મેહુલ ચોકસીની સાથે મળીને કૌભાંડને અંજામ આપ્યો હતો. હજુ સુધી બંનેની ૪૭૬૫ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી ચુકી છે. ૪૮ વર્ષીય નિરવ મોદીની સ્થાનિક સમય મુજબ ભારતીય સત્તાાળાઓ તરફથી ધરપકડ કરવામાં આવી હતી. ઈડી તરફથી તેન પ્રત્યાર્પણ માટે વિનંતીના જવાબમાં નિરવ મોદી સામે લંડન કોર્ટે ધરપકડ વોરંટ જારી કર્યા બાદ તેની ધરપકડ કરાઈ હતી. મોડેથી તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. અગાઉ સીબીઆઈ સૂત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે, નિરવ મોદીના પ્રત્યાર્પણ માટેના પ્રયાસો વધુ તીવ્ર કરી દેવામાં આવ્યા છે. બ્રિટને નિરવ મોદી સામે ગયા વર્ષે જારી કરવામાં આવેલી રેડકોર્નર નોટિસના જવાબમાં આક્રમક કાર્યવાહી હાથ ધરી છે. રેડકોર્નર નોટિસ જૂન ૨૦૧૮માં જારી કરવામાં આવી હતી. નિરવ મોદીએ લેટર્સ ઓફ અન્ડરટ્રેકિંગનો ઉપયોગ કરીને પીએનબીમાંથી ૧૩૫૦૦ કરોડ રૂપિયાની ઉઠાંતરી કરી હતી. થોડાક દિવસ પહેલા જ નિરવ મોદી લંડનમાં નજરે પડ્યા બાદથી તેના ઉપર સકંજો મજબૂત કરવામાં આવી રહ્યો તો. ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં નિરવ મોદી અને ચોક્સી ફરાર થઈ ગયા હતા. ભારતમાંથી ફરાર થઈ ગયા બાદ તેમના મામલામાં તપાસ હાથ ધરાઈ હતી. ભારતના બેંકિંગ ઈતિહાસાં સૌથી મોટા કૌભાંડ તરીકે આને ગણવામાં આવે છે. આ કેસ બાદ તેની સામે કાર્યવાહી વધારે તીવ્ર કરવામાં આવ શકે છે. પંજાબ નેશનલ બેંક કૌભાંડના કારણે દેશભરમાં કોર્પોરેટ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. નિરવ મોદી સકંજામાં આવ્યો હતો.

## નહી લડે

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આ પહેલા માયાવતીએ નગીના લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવાનો સંકેત આપ્યો હતો. માયાવતીએ આ ગાળા દરમિયાન પોતાના ચૂંટણી નહીં લડવાના નિર્ણય અંગે વાત કરતા કહ્યું હતું કે, પાર્ટી અને જનહિતને ધ્યાનમાં લઈને ચૂંટણી નહીં લડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં જ્યાંથી પણ ઈચ્છા હશે ત્યાંથી સીટ ખાલી કરાવીને સંસદમાં જઈ શકે છે. ચૂંટણી લડવાને લઈને કાર્યકરોની ઈચ્છા અલગ હોવા છતાં તેમની લોકસભા સીટ ઉપર પ્રચાર કરવા માટે કાર્યકરો જશે જેથી બાકી સીટ ઉપર ચૂંટણીને લઈને અસર થશે. ઉત્તરપ્રદેશની ૮૦ લોકસભા સીટ પર સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી, આરએલડીના હિસ્સા તરીકે રહેશે. બસપ ૩૮, સપા ૩૭ અને આરએલડી ત્રણ સીટો ઉપર ચૂંટણી લડનાર છે. બે સીટો અમેઠી અને રાયબરેલીને કોઈપણ ગઠબંધન વગર કોંગ્રેસ માટે છોડી દેવામાં આવી છે. આ પહેલા સોમવારના દિવસે બસપના વડાએ કોંગ્રેસની દરિયાદિલી પર કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. કોંગ્રેસ સાત સીટો છોડવાની વાત કરે છે અને રાજ્યમાં તમામ ૮૦ સીટો ઉપર પોતાના ઉમેદવારને ઉતારવા માટે કોંગ્રેસ સ્વતંત્ર છે.

## વંશના રક્ષણ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સારા ભવિષ્ય માટે મતદાન કર્યું હતું, વર્ષ ૨૦૧૪નો જનાદેશ ઐતિહાસિક હતો. ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત બિન-રાજવંશ પાર્ટીને સંપૂર્ણ બહુમતી મળી હતી.

જ્યારે કોઈ સરકાર 'ફેમિલી ફર્સ્ટ'ની જગ્યાએ 'ઈન્ડિયા ફર્સ્ટ'ની ભાવના સાથે ચાલે છે તો તે તેના કાર્યોમાં પણ દેખાય છે. વડાપ્રધાને આગળ લખ્યું કે આ અમારી સરકારની નીતિઓ અને કાર્યોની જ અસર છે કે છેલ્લા પાંચ વર્ષોમાં ભારત વિશ્વની ટોચની અર્થવ્યવસ્થામાં સામેલ થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના બ્લોગમાં સંસદના કામકાજ, પ્રેસની અભિવ્યક્તિ, બંધારણ-કોર્ટ અને સરકારી સંસ્થાઓના મુદ્દા પર કોંગ્રેસને ઘેરી છે. તેમણે કહ્યું કે લોકસભામાં બિન-વંશવાદી સરકાર હતી તેથી જ આ કામ થયું. જ્યારે રાજ્યસભામાં કામ ન થઈ શક્યું કારણ કે ત્યાં હોબાળો થતો રહે છે.